રેશનકાર્ડ લાભાર્થીઓનું ૧૦૦% e-KYC ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વગ્રામ ખાતે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur – V.C.E.) દ્વારા કરવા બાબત.

ગુ જ રા ત સ ર કાર

ક્રમાંક:FCSCAD/NFS/e-file/5/2024/0600/C1

અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

સચિવાલય,ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) ભારત સરકારનો તા. ૧૭/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: F.No.23(5)/2015-Comp.cell(Pt.-I) (E: 330469)

(૨) નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ MCA No.94/2022 in SMW(c) No.6/2020ના તા.૧૧/૧૨/૨૦૨૩ના હુકમ

(૩) નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ MCA No.94/2022 in SMW(c) No.6/2020ના તા.૧૯/૦૩/૨૦૨૪ના હુકમ

(૪) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીનો તા.૧૯/૦૪/૨૦૨૪નો પત્ર ક્રમાંક: NFSA/e-KYC/રેશનકાર્ડ/લાભાર્થી/ફા.નં.૧૬/૨૦૨૩(પાર્ટ-૩)

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ(૧)થી ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગ, નવી દિલ્હી દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૩ના પત્રથી લાભાર્થીઓના રેશનકાર્ડને આધાર નંબર સાથે સીડ કરી સાચા અને તે જ વ્યક્તિના આધાર નંબરો સીડ થાય તે માટે ૧૦૦% e-KYC સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમ(૨) અને (૩)ના નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ MCA No.94/2022 in SMW(c) No.6/2020 કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટના તા.૧૧/૧૨/૨૦૨૩ના હુકમથી દરેક લાભાર્થીનું રેશનકાર્ડ ઈશ્યુ કરવા તેમજ e-KYC કરવા તથા તા.૧૯/૦૩/૨૦૨૪ના હુકમથી આ e-KYCની કામગીરી ૨(બે) માસમાં પૂર્ણ કરવા આદેશ કરેલ છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪)થી નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી દ્વારા રેશનકાર્ડ લાભાર્થીઓનું ૧૦૦% e-KYC ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વગ્રામ ખાતે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur – V.C.E.) દ્વારા કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે અન્વયે ગ્રામ્ય સ્તરના રેશનકાર્ડધારકોને e-KYC ની કામગીરીમાં મુશ્કેલી ન પડે તે માટે તથા સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરી શકાય તે માટે રેશનકાર્ડ લાભાર્થીઓનું ૧૦૦% e-KYC ઈ-ગ્રામ વિશ્વગ્રામ ખાતે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur – V.C.E.) દ્વારા કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

આમુખની વિગતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્યમાં ગ્રામ્ય સ્તરે NFSA તથા Non NFSA રેશનકાર્ડ ધારકોના e-KYC અંગે આ વિભાગ દ્વારા વ્યક્તિ દીઠ રૂ. ૫/- ખર્ચ ભોગવી ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી સંલગ્ન ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur – V.C.E.) દ્વારા રેશનકાર્ડ e-KYCની કામગીરી નીચેની શરતોને આધિન કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીએ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરામર્શમાં

ગ્રામ્ય સ્તરે NFSA તથા Non NFSA રેશનકાર્ડ ધારકોના e-KYC અંગે કાર્યપ્રણાલી(Standard Operating Procedure (SOP) સુનિશ્ચિત કરી ઝુંબેશના ધોરણે કામગીરી પુર્ણ કરવાની રહેશે.

૨. National Informatics Centre(N.I.C) દ્વારા નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીના પરામર્શમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી(eGVGS) ને V.C.E ચુકવણા માટે સફળતાપુર્વક પુર્ણ થયેલ e-KYCનો MIS Report, User Wise(Gram Panchayat wise, Taluka Wise, District Wise) પુરા પાડવાના રહેશે.

૩. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીએ આ અંગેના ચુકવણા માટે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ તથા નાણા વિભાગના પ્રવર્તમાન નિયમોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૪. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરીએ ઈ-ગ્રામ V.C.E માટે જરૂરી SATCOM તાલીમ તથા પ્રેઝન્ટેશનનું આયોજન કરવાનું રહેશે.

e-KYC માટે રેશનકાર્ડના લાભાર્થીદીઠ રૂ. ૫/- મુજબ અંદાજિત કુલ રૂ.૩૧.૫૦/- કરોડનો ખર્ચ કરવાની નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં નિયામકશ્રી, અ.ના.પુ.એ બારકોડેડ રેશનકાર્ડ યોજનાના સંબંધિત બજેટ સદરે સુધારેલ અંદાજોમાં જોગવાઈ કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૦૧/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ, ફાઈલ ક્રમાંક:FCSCAD/PDS/e-file/5/2024/0596/C.1 પર નાણા વિભાગની તા. ૦૮/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની તા.૩૦/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નયના પટેલ)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, બ્લોક નં. ૧૪/૬,સચિવાલય,ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી, ગાંધીનગર
૩. અન્ન નિયંત્રકશ્રી,અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ
૪. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.
૫. સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ,ગાંધીનગર
૬. નાયબ સચિવશ્રી, બજેટ શાખા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગાંધીનગર

૭. મદદનીશ નિયામકશ્રી(આઈ.ટી.), અન્‍ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, બ્લોક નં. ૧૪/૫,સચિવાલય,ગાંધીનગર

૮. સેકશન અધિકારીશ્રી(ક શાખા),અન્‍ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગાંધીનગર

૯. સ્ટેટ ઈન્ફોમેટીક ઓફિસર, NIC, સચિવાલય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાનાઃ-જાણ સારૂ</u>

૧. માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.

૨. માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, અન્‍ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, અન્‍ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

૪. માન.મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી,બ્લોક નં.૧/૫, સચિવાલય, ગાંધીનગર.

૫. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૬. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮. અગ્ર સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

૯. અગ્ર સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, અન્‍ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૦. નાણાં સલાહકારશ્રી,અન્‍ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, બ્લોક નં ૧૪,બીજો માળ,સચિવાલય, ગાંધીનગર

૧૧. સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૨. સિલેકટ ફાઈલ